# સ્ટાર્ટઅપમાં પૈસા કરતાં એન્ટરપ્રિન્યોરના સમયનું વધારે મહત્ત્વ હોય છે

## IIT-Gn ખાતે સ્ટાર્ટઅપ્સ માટે ફંડ રાઇઝીંગ માસ્ટર ક્લાસ



આઈઆઈટી ગાંધીનગર ખાતે સ્ટાર્ટઅપ્સ અને સ્ટુડન્ટસે બિઝનેસ માટે ફંડ મેળવવા માટે માસ્ટર ક્લાસ યોજાઇ ગયો, માસ્ટરક્લાસમાં પ્રિવેન એડવાઇઝરના શ્રીપતિ આચાર્ય દ્વારા સ્ટુડન્ટસને ઇન્વેસ્ટર પાસેથી ફંડ મેળવવા વિશેની માહિતી અપાઇ હતી. શ્રીપતિ આચાર્યએ કહ્યું કે, સ્ટાર્ટઅપમાં પૈસા કરતા એન્ટરપ્રિન્યોરના સમયનું વધારે મહત્ત્વ હોય છે. ઉપરાંત સૌપ્રથમ સ્ટાર્ટઅપ કરવા માટે સારો અને યોગ્ય આઇડિયા હોવો જરૂરી છે. કારણ કે, એન્ટરપ્રિન્યોર તેના માટે પોતાનો કિંમતી સમય આપતો હોય છે. સ્ટાર્ટઅપ માટે ફંડ લાવવા માટે એક સારો આઇડિયા જ જરૂરી હોય છે, સ્ટાર્ટઅપનો આઇડિયા ઇન્વેસ્ટરને પસંદ આવ્યો તો સ્ટાર્ટઅપ માટે ફંડિગની પ્રકિયા સરળ બની જાય છે. ઇન્વેસ્ટરને પોતાના સ્ટાર્ટઅપમાં ફંડિંગ આપવા મજબુર કરવા માટે સારી ટીમની પણ જરૂર પડે છે. કારણ કે, ઇન્વેસ્ટ કરવા પહેલા ઇન્વેસ્ટર સ્ટાર્ટઅપની ટીમની કાર્યશૈલી પણ ધ્યાનમાં લેતા હોય છે. બિઝનેસને સફળ બનાવવા માટે આશાવાદી બનવું ખૂબ જરૂરી છે. માસ્ટર ક્લાસમાં ગુજરાત અને રાજસ્થાનના વિવિધ સ્ટાર્ટઅપ અને સ્ટુડન્ટસે ભાગ લીધો હતો.

**Title:** Entrepreneur's time is more important than the investment in startup; Fundraising masterclass at IITGN for startups
**Source:** Gujarat Samachar (Plus, Pg. No. 01)
**Link:** http://gujaratsamacharepaper.com/nd/gsnews2.php?pageid=GUJARAT_GSP_20181206_1
**Date:** 06-12-2018